Sarth E- Journal

Saarth E-Journal

# Saarth E-Journal of Research

E-mail : sarthejournal@gmail.com
www.sarthejournal.com

ISSN NO : 2395-339X
Peer Reviewed
Vol.5 No.17

Impact Factor
Quarterly
July-Aug-Sep 2020

---

# હાસ્ય : સ્વરૂપ -પ્રકાર

ડૉ. હરીશ પારેખ

---

હાસ્ય જગતનું અને મનુષ્યજીવનનું સૌથી અલગ તત્વ છે વિશેષ તત્વ છે.'' **'હાસ્ય' શબ્દ સંસ્કૃતના 'હસ્' ધાતુમા રૂપ 'હાસ્યને સંબ&ધક ભૂતકૃદંતનો ભાવવાચક પ્રત્યય'ય' લાગતાં બન્યો છે."...૧**

'Man is a laughing animal' એમ એરિસ્ટોટલ કહ્યું છે.મહારાજ હસી શકે છે,માનવી હાસ્યની લાક્ષણિકતાને કારણે જ તે બધા જ પ્રાણીઓ કરતાં વિશિષ્ટ છે, અલગ છે 'હાસ્ય' શારીરિક હોવા છતાં તે માનસિક પણ છે.પરંતુ આ હાસ્યને શાસ્ત્રકારોએ શું ગણ્યું છે?

**કેવળ સ્ત્રીઓ ,નીચ પુરુષો અને બાળકોની રુચિનો રસ"** ગણીને **ઝાઝું સ્થાન આપ્યું નથી....**૨ત્યારે 'હાસ્ય'નું મહત્વ કેટલું છે તે આપણે જાણી શકીએ છીએ.

'સાર્થ ગુજરાતી જોડણી કોશમાં **'હાસ' શબ્દના 'હસવું તે', આઠમાંનો એક સ્થાયી ભાવ' એવો અર્થ આપ્યો છે**....૩ આચાર્ય ભરતે સ્થાયીભાવ ગણાવ્યા છે તેમાં 'હાસ' મુખ્ય છે. માણસ જન્મે છે ત્યારથી જ તેને આભાસ કુદરતી મળી જાય છે 'હાસ' નો સ્થાયીભાવ 'હાસ્ય' માટે જવાબદાર છે.

**'સંસ્કૃત ગુજરાતી શબ્દરત્ન મહોદધિ' માં હાસ = (હસ+ભાવેધગ) હસવું ; સાહિત્યપ્રસિદ્ધ હાસ્યનો સ્થાયીભાવ"...**૪ સ્થાયીભાવ એટલે સ્થિર થયેલો ભાવ જેને આપણે કાયમી ભાવ તરીકે ઓળખી શકીએ છીએ. **'હાસ્ય હાસ સ્થાયિભાવાત્મક છે,સાહિત્યજગત અને વ્યવહાર જગત બન્નેનો ભાવો સરખા છે, જે હાસ્ય ઉત્પન્ન કરે છે....**૫'ભગવદગોમંડલ' **માં"સ્થાયીભાવ'ના આઠ માંહેનો એક પ્રકાર જોનારને કૌતુક ઉપજે એ પ્રકારે વચન અને વેશમાં કોઈ વિચિત્રતા કે અવળું કરતાં મન પ્રફુલ્લિત થઈને હસવું ઊપજે તેને 'હાસ' કહે છે."**....૬

હાસ્ય વિકૃતપરવેશલંકાર ,ધૃષ્ટતા ,લૌલ્ય કૃદંત (ગલીપચી) ખોટો લહારો વ્યંગ્ય એ બધા હાસ્યના વિભાવો છે. વેશ એટલે કેશાદિ રચના અને અલંકાર એટલે કટક વગેરે.

'પ્રામાણિક હિન્દી કોશ'માં કહ્યું છે કે **-'હંસને કે યોગ્ય ,જિસ પર લોગ હંસે , ઉપહાસ કે યોગ્ય ,હસને**

**કી ક્રિયા કા ભાવ ! હસી ! સાહિત્ય મેં નો રસોમેં સે એક જો અયુક્ત ,અસંગત, કુરુપ યા વિકૃત ઘટનાઓ પદાર્થો યા વાતો અહિસે ઉત્પન્ન હોતા હૈ!'....૭'** બધા જ રસ હાસ્યમાં સમાઈ જાય છે.બધા જ રસનો અભાસ હાસ્યમાં પરિણમે છે.બીજાના વેશ –અલંકાર દર્શાવવાથી પણ હાસ્ય ઉત્પન્ન થાય છે ,આ સંદર્ભ ડૉ. આર.પી.પટેલ કહે છે – **'હાસ્ય મુખ્યત: માનવીની ઉલ્લાસવૃત્તિનો સુચક છે,જોકે તેમાં કેટલીકવાર સ્વ-ગુરુતા, વિસ્મયજન્ય ચમત્કૃતિ,દ્વેષ ,ઈર્ષ્યા, અણગમો ,લાચારી વગેરે જેવો ભાવો પણ ભળતા રહે છે....૮** સૌ જાણીએ ખાસ્સું કે મનુષ્ય અમે નથી, છતાં સૌને અરીસામાં દેખાડે જે મનુષ્ય શા નિરાંતે ને હસે પોતે, **નમું તે હાસ્યબ્રહ્મને!..૯**

આવા હાસ્યરચના સંચારી ભાવો તરીકે આલસ્ય,સ્વપ્ન, પ્રબોધ અને અસૂયા વગેરે છે.ગુજરાતી ,સંસ્કૃત,હિન્દી અને અંગ્રેજી ચારેય ભાષાના સાહિત્ય વિવેચનમાં હાસ્ય વિશે ચર્ચાઓ થઈ છે,તેની અહીં સમીક્ષા કરવી છે. અંગ્રેજીમાં**''The action of Laughing ,Merriment audible expression of amusement''.....૧૦** હાસ્ય માનવને જીવનની ઉત્કૃષ્ઠતા તો દર્શાવે છે જ પણ સાથે- સાથે જીવનને જીવવા લાયક બનાવે છે. અહીં આ ઈશ્વરનિર્મિત સૃષ્ટિમાં મધુર કડવો, ખાટો ,ખારો ,તીખો અને તૂરો એમ છ ભૌતિક રસોનો રોજિંદા જીવનમાં અનુભવ થાય છે. આ અનુભવ કોઈ અલૌકિક નહીં પણ લૌકિકથી અલૌકિક કક્ષાનો હોય છે. સંસારમાં જીવન જીવતાં જીવતાં જે રસોની જરૂર પડે છે તે સર્વ માનવ પાસે છ જ

કવિતા સુષ્ટિમાં પણ શ્રૃંગાર કરૂણ,હાસ્ય,રૌદ્ર ,વીર ,ભયાનક, બીભત્સ, અદભૂત, અને શાંત એમ નવ રસોનો આસ્વાદ થાય છે. કવિતામાં ,નાટકમાં કે કોઈ નિબંધમાં 'હાસ્ય'નું ઘણું મહત્વ છે.

ભરતમૂની પ્રમાણે હાસ્ય આત્મસ્થ અને પરસ્થ બે પ્રકારનું હોય છે ,અભિનવની સમજૂતી પ્રમાણે જે હાસ્ય મૂળમાં ,પોતાનામાં ઊપજયું હોય તે આત્મસ્થ અને જે ચેપથી ફેલાતું હોય છે તે પરસ્થ. આત્મસ્થ એટલે જે હસે છે તે અને પરસ્થ એટલે એકને હસતાં જોઈ બીજો હસે તે .આ સંદર્ભે ઘણાં દ્રશ્યતા મળી આવે છે.ગુજરાતી સાહિત્ય કોશ-3માં કહેવાયું છે કે- **''રંગમંચ પર ઘણીવાર હાસ્યનો કોઈ આશ્રય હોતો નથી. આવા સંજોગોમાં જગન્નાથ ખુલાસો એ છે કે કાવ્યમાં એવી વ્યક્તિ કલપવી કે જે હાસ્ય (કેળીભાસ) નો આશ્રય હોય. એટલે કે જેને હસવું આવે છે અથવા જુગુપ્સા થાય છે.''**..૧૧

| | | |
|---|---|---|
| **Humor** | - | હાસ્યવિનોદ |
| **Wit** | - | વાગ્વૈદગ્ધ-બુદ્ધિચાતુર્ય |
| **Satire** | - | વ્યંગ્ય |
| **Irony** | - | વક્રોકિત, કટાક્ષ |
| **Parody** | - | હાસ્યાત્મક વિડંબન |
| **Comic** | - | ગમ્મત યારમૂજ |
| **Farce** | - | પ્રહસન |
| **Jest** | - | ઉપહાસ |
| **Laughter** | - | પરિહાસ |
| **Creature** | - | ઠઠ્ઠાચિત્ર |
| **Sarcasm** | - | વ્યાજોક્તિ |
| **Sardonic boudoir** | - | કટુમશ્કરી |

આ શબ્દો મૂળે તો હાસ્યના પર્યાયો તો છે જ પણ તે હાસ્યના ભેદો-પ્રભેદો પ્રકારો અને સ્વરૂપોમાં ઘણા ઉપયોગી છે. 'હાસ્ય'ની વિચારણા ઘણી જૂની છે, છે ક બીજી સદીમાં જ નહીં પણ પુરાણોમાં એનો ઉલ્લેખ મળે છે

.ભારતીય પરંપરામાં હાસ્યવિષયક કેટલીક શાસ્ત્રીય વિચારણાઓ થઈ છે .પરંતુ હાસ્યની સૌથી વધુ અધિકારીક ચર્ચા ભરતે પ્રારંભ કરી છે.

**"વિભાવાનું ભાવવ્યભિચારીસંયોગાત રસનિષ્પત્તિ:!"....૧૨**

રસવિષયક વિચારણા કરતાં આચાર્ય ભરતે વિવિધ રસની –તેમાં હાસ્યની ચર્ચા પણ કરી છે. ડૉ.આર.પી.પટેલ કહે છે કે-**''ભરાય, દંડિત, ધનંજય, અભિનવગુપ્ત ,વિશ્વનાથ.રામચંદ્ર ,ગુણચંદ્ર ,જગન્નનાથ ,રુદ્રટ વગેરે દ્વારા થયેલી રસવિષયક વિચારણા પ્રત્યક્ષ રૂપમાં નાટકને અને પરોક્ષ રૂપમાં કાવ્યને અનુલક્ષી થઈ છે .તેમાં શૃંગાર અને કરુણ રસની ચર્ચા વિગતે થઈ છે,જ્યારે હાસ્ય જેવા ગૌણ ગણાયેલ રસની ચર્ચા અછડતાં રૂપમાં અને સંક્ષેપમાં જ થઈ છે."...૧૩**

આ ચર્ચાઓની કેટલીક યાદી કરીએ. નીચે વિવિધ આચાર્યોની વ્યાખ્યાઓ આપું છું જે આ ચર્ચામાં મહત્વની છે.

- **હાસ્ય સુખાત્મક વર્ગના રસ છે. આ રસનો સ્થાયીભાવ હાસ છે."..૧૪**
- **હર્ષ વગેરે વડે મનનો જે વિકાસ થાય છે 'હાસ' કહે છે. વાણી ,વેશ,વર્તનની વિકૃતિથી પ્રગટતા ચિત્તવિકાસ....૧૫**
- **''વચન ,અંગ્ર,વેશની વિકૃતિના દર્શનથી પ્રગટતી વિકસીત ચિત્તવૃત્તિ તે હાસ છે." મમ્મટ....૧૬**
- **''કૌતુકને માટે વચનનું તથા વેશનું વિપરીતપણું થાય અને જે મનોવિકાર પરિમિત થાય તે હાસ છે."....૧૭**
- **''સર્વરસોના આભાસમાંથી ,અતિરેકમાંથી વ્યાજ યા વિડંબનાથી અને અનૌચિત્યમાંથી પણ હાસ્યનો આર્વિભાવ થાય છે.'-અભિનવગુપ્ત...૧૮**

આ સંદર્ભે વિનોદ ભટ્ટનું આ મંતવ્ય પણ ઘણું કહી જાય છે.વિનોદ ભટ્ટ કહે છે કે,**"અંગ્રેજીમાં જેને (sense of humour) કહે છે તેને આપણે હાસ્યવૃત્તિ ,રમૂજવૃત્તિ યા વિનોદવૃત્તિ તરીકે પીછાણીએ છીએ. આ હાસ્યવૃત્તિ એ હાસ્યકરતાં ઉઅ કંઈક વધુ સારી છે,ઉમદા છે જેનામાં હાસ્યવૃત્તિ હોય તે જીવનની સમસ્યાઓને મૂંઝવણો તરફ હળવાશથી જોતો થાય છે અને આથી તે તાણમુક્ત રહે છે."...૧૯**

**'હાસ્યની વધુ ચર્ચા રમણભાઈ નિલકંઠ કરે છે કે-''સંસ્કૃત આલંકારિકોએ માત્ર દેખાવ અને શબ્દની વિકૃતિઓને હાસની કારણતરત કહી છે ,પરંતુ બુદ્ધિની અને વિચારની વિકૃતિ પણ એ જ રીતે હાસની કારણભૂત થાય છે.".....૨૦**

હાસ્યનાં પરિબળો ક્યાં? એ વિષયક આ ચર્ચામાં આપણને જે મળે છે તે ઘણું જ ઉપયોગી છે. હાસ્યવ્રત્તિ માત્ર મનુષ્યને જ મળેલી છે તે ઉપરથી કહી શકાય ઈશ્વરે હાસ્યવૃત્તિ મૂકીને માનવજાત પર એક મોટો ઉપકાર કર્યો છે. બાકી તેનામાં જો હસી નાખવાની વૃત્તિ ન મૂકી હોત તો તેને માટે જીવવું અકારું થઈ પડત.

**સંદર્ભ :**


1. પૃ.68, અમરકોશ'. અનુ.કે.કા.શાસ્ત્રી
2. પૃ.479, 'અભિનવભારતી' ડૉ. નગેન્દ્ર
3. પૃ.893, સાર્થ ગુજરાતી જોડણી કોશ
4. પૃ.2140,સં.ગુ.શાહિરત્ન મહોદધિ ભારતશાસ્ત્રી ગિરિજાપ્રસાદ દયારામ
5. પૃ.627, ગુ.સા.કોશ -3 ,ગુ.સા.પરિષદ

6. પૃ. 9194, ભગવદ્ગોમંડલ , ભા -9 ,સં.ભગવતસિહ
7. પૃ. 1416, પ્રામાણિક હિન્દી કોશ
8. પૃ. 2 , અર્વાચીન ગુજરાતી કવિતામાં હાસ્યનિરૂપણ .ડૉ.આર.પી.પટેલ
9. પૃ.1. અ..ગુ.કવિતામાં હાસ્યનિરૂપણ .ડૉ.આર.પી.પટેલ
10. પૃ.1113, ધશોર્ટર ઈંગ્લીશ ડિક્શનરી
11. પૃ.629. ગુ.સા.કોશ
12. પૃ.274, -'ભરત નાટ્યશાસ્ત્ર ' વૉ-1 ,સંપા. એમ.આર.કવિ
13. પૃ.7, અર્વાચીનકવિતામાં હાસ્યનિરૂપણ ,ડૉ.આર.પી.પટેલ
14. પૃ,530, ભરતનાટયશાસ્ત્ર –ભરત
15. પૃ.207, સાહિત્યદર્પણ] –વિશ્વનાથ.
16. પૃ. 207, 'સાહિત્યદર્પણ, સં.આચાર્ય કૃષ્ણમોહન
17. પૃ.130,ભરતનાટયશાસ્ત્ર,કવિ નથુરામ શુક્લ
18. પૃ.519, અભિનવભારતી સં.ડો.નગેન્દ્ર
19. પૃ.11, વિનોદ-વિમર્શ, વિનોદભટ્ટ
20. પૃ.5, કવિતા અને સાહિત્ય,'રમણભાઈ નિલકંઠ